





જુગારના ખેલમાં અબજોપતિ સટ્ટો કરે છે
ડરે પોલીસથી બિચારા નાના શકુનિ મરે છે,
તરે ફિલ્મી કલાકારો, નેતા-પુત્રો, ને ક્રિકેટરો -
ચરે છે ક્રિકેટના મેદાને ને બિંદાસ ફરે છે..
(શિલ્પા પતિની સંડોવણી)




હારે કે જીતે!
એમના પર 'ફિક્સ'-
થૈ ગ્યો 'અવિશ્વાસ'!
(ફૂટેલા ક્રિકેટરો)

મૂકે ગિરવે
મૂલ્યો ને દેશપ્રેમ -
પૈસા ખાતર!
(પૈસા ભૂખ્યા ક્રિકેટરો)

## ચિંતન

**ગૌરવ પ્રાપ્યતે દાનાન્નતુ વિત્તસ્ય રક્ષણાત્ ।**
**સ્થિતિરુચ્ચૈઃ પયોદાનાં પયોધીનામધઃ સ્થિતિઃ ॥**

'દાનથી મહત્તા, ગૌરવ પ્રાપ્ત કરી શકાય છે ધનનો સંગ્રહ કરવાથી કંઇ જ ફાયદો પ્રાપ્ત થતો નથી. વાદળ પાણીનું દાન આપે છે તેથી તેનું સ્થાન ઊંચું (આકાશમાં) રહે છે. પણ સમુદ્ર પાણીનો માત્ર સંગ્રહ જ કરે છે તેથી તેનું સ્થાન નીચું છે.'

કેટલાક લોકોનો સ્વભાવ ખૂબ જ કંજૂસાઇ ભર્યો હોય છે પોતાની પાસે ભંડાર ભર્યા હોવા છતાં પોતાનું ન વપરાય પણ બીજાના માલ પર નજર નાખનારા માગીને જ પેટ ભરનારા હીનવૃત્તિ વાળા હોય છે. માગનારનો હાથ-સ્થાન હંમેશાં 'નીચું' જ રહે છે દરિયો વિશ્વભરની નદીઓ પાસેથી 'જળ' માગી માગીને પોતાનું પેટ ભરવા મથે છે પણ ક્યારેય તે ભરાતું નથી. ભૂખ્યો જ રહે છે તેનું સ્થાન પણ નીચું જ રહે છે.

જ્યારે વાદળ પોતાના હૃદયમાં ભરેલાં અમૃતજળ વરસાવી ખાલી થઇ જાય છે એમનામાં 'આપવાની' વૃત્તિ છે એટલે જ ઊંચા આકાશે રહે છે.

દાનનું મહત્ત્વ છે, માંગણનું નહીં.

## સુવિચાર

- માતાના બલિદાનનું ઋણ કોઇ પણ દિકરો ચુકાવી શકતો નથી, પછી ભલેને ભૂમંડલનો સ્વામી કેમ ન હોય - **પ્રેમચંદ**
- એવી માતાઓથી દેશનું નામ ઉજ્જવળ છે જે દેશહિત માટે પોતાના માતૃસ્નેહની ધૂળ જેટલી પણ પરવા કરતી નથી. - **પ્રેમચંદ**
- એક પલ્લામાં મા મૂકો અને બીજા પલ્લામાં સમગ્ર વિશ્વ મૂકો તો મા વાળું પલ્લું નીચે નમશે - **લોર્ડ લેંગડેઇલ**
- જગતમાં બધું પસંદ કરી શકાય છે, માતા પસંદ કરી શકાતી નથી, માતા સ્વધર્મ જેવી છે - **વિનોબા ભાવે**
- મા ના બે ચરણ છે : સમતા અને મમતા. હે હાથ છે : અભય અને વરદાન. માની બે આંખ છે : ક્ષમા અને કરૂણા. માનું હૃદય તો પ્રેમ-મંદિર છે - **મોરારિબાપુ**
- જગતમાં બે બાબત ખરાબ હોતી નથી - એક આપણી માતા અને બીજી આપણી માતૃભૂમિ - **વિ.સ.ખાંડેકર**
- માતાનું ઋણ અનેકગણું હોય છે, તે કદાપ ચૂકવી શકાતું નથી - **ઉમાશંકર જોશી**

## બોધ કથા

આજે મૂલ્યો બદલાયાં છે. માણસની દૃષ્ટિ ન્યાયી મટી વેપારી બની ગઇ છે, ન્યાયના ધોરણ બદલાયા છે. નિયમોના નવાં તોરણ બંધાયા છે. કામ પ્રમાણે દામ, કેળવો એટલું મેળવો, માણસ સૃષ્ટિનો ટ્રસ્ટી મટી માલિક બની બેઠો છે - પૃથ્વીમાંથી મળતી સંપત્તિ (કોલસા)નો માલિક! આદમના સંતાનમાં શેતાન પ્રવેશી ચૂક્યો છે.

એક પવિત્ર સૂફી મૌલાની ફળની વાડીમાં મબલક પાક થયો. ફળ વેડવાનું કામ રાત-દિવસ ચાલતું હતું. ફળ વેડવાનાં - સાફ કરી - ટોપલીમાં ભરવાનાં અને પછી બજારમાં મૂકવાનાં 'બોક્સ'માં પેકીંગ કરવાનું - કામઢા - મહેનતું માણસોની જરૂર હતી.

કામ કરનારા મજૂરોને ખબર પડી એમ એમ આવવા લાગ્યા. કેટલાક સવારથી કામે લાગ્યા હતા, કેટલાક બપોરે આવ્યા કેટલાક બાજુનાં ગામવાળાને ખબર પડી સાંજે આવ્યા.


મૌલાએ સવારે બધાને ચૂકવણું કર્યું - બધાને સરખું જ ચૂકવણું કર્યું - મજૂરો તો રાજી થઇ, મજૂરી સ્વીકારી ચાલતા થયા પણ યુવાન પુત્ર સમસમી ઉઠ્યો - બોલ્યો આ તો અન્યાય કહેવાય!

મૌલા કહે - બેટા આ જ ઇશ્વરી ન્યાય છે, બધા કામ તો શક્તિ પ્રમાણે કરે પણ મેળવે જરૂરત પ્રમાણે. એમની જરૂરિયાત સમજીને આપવું જોઇએ.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# 'દિવાના' એટલે દેઓલ્સ, 'યમલા' એટલે આ ફિલ્મની વાર્તા, અને દિગ્દર્શન તથા 'પગલા' એટલે આપણે - પ્રેક્ષકો...!!!

હિન્દી ફિલ્મોમાં જેમ 'ખાન' અને 'કપૂર'ની બોલબાલા છે તેમ દેઓલ્સનો પણ એક અલગ પ્રકારનો દબદબો અને અનોખો ચાહક વર્ગ છે. ખાસ કરીને મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ધર્મેન્દ્ર, સન્ની દેઓલ અને બોબી દેઓલનો ચાહકવર્ગ વિશાળ છે. જેમ રાજ કપૂર રશિયામાં વિશેષ લોકપ્રિય હતા તેમ આપણા હિ-મેન ધર્મેન્દ્ર લંડન અને કેનેડામાં લોકપ્રિય છે. એટલે માત્ર પોતાના ચાહક વર્ગને ધ્યાનમાં રાખીને દેઓલ પરિવાર પોતાના માટે - પોતાના જ બેનર હેઠળ ફિલ્મોનું નિર્માણ કરી રહ્યા છે. વર્ષ ૨૦૦૭માં ધર્મેન્દ્રએ ફિલ્મ 'અપને' બનાવી હતી. ઈમોસન્સનો ઓવરડોઝ આપ્યા પછી દેઓલ્સને કોમેડી ફિલ્મ બનાવાનું સૂજ્યું એટલે વર્ષ ૨૦૧૧માં તેમણે 'યમલા પગલા દિવાના' બનાવી. આ ફિલ્મે બોક્સ ઑફિસ પર સફળતા મેળવી હતી, એટલે ત્યારે જ ધર્મેન્દ્રએ તેની સિક્વલ બનાવવાની જાહેરાત કરી દીધી હતી. પરંતુ આ ફિલ્મના દિગ્દર્શક સમીર કર્ણિક સિક્વલનું દિગ્દર્શન કરવાથી દૂર રહ્યા એટલે દેઓલ પરિવારે ફિલ્મ સિનેમેટોગ્રાફર અને દિગ્દર્શક સંતોષ સિવનના ભાઈ સંગીત સિવનને દિગ્દર્શન માટે રાજી કર્યા. 'યમલા પગલા દિવાના-૨'ના દિગ્દર્શક સંગીત સિવને અગાઉ સન્ની દેઓલ સાથે 'ઝોર' અને બોબી દેઓલ સાથે પણ એક ફિલ્મ કરી હતી. આ સબંધે દેઓલ્સે સંગીત સિવનને દિગ્દર્શન સોપ્યું. પરંતુ તેઓનો આ નિર્ણય ખૂબજ ભૂલ ભરેલો સાબિત થયો છે.







૫૦ વર્ષથી વધુ લાંબી કારકિર્દીમાં ૨૮૦ થી વધુ ફિલ્મોમાં મુખ્ય ભુમિકા નિભાવી ચૂકેલા હિ-મેન ધર્મેન્દ્ર હવે ૭૭ વર્ષના થયા છે. તેમના પુત્રો સન્ની અને બોબી દેઓલ પણ ચરિત્ર અભિનેતાની વયે પહોંચ્યા છે. એટલું જ નહીં ધર્મેન્દ્રને છોડીને સન્ની અને બોબી દેઓલની પ્રતિભા કે અભિનય એવા નથી કે તેઓ કોમેડી ફિલ્મોને પૂરતો ન્યાય આપી શકે. આમ છતાં 'દિવાના' દિગ્દર્શકે 'થાકેલા અને પાકેલા' અભિનેતાઓ પાસેથી થકાઉ અને પકાઉ કામ લીધુ છે, એટલું જ નહીં ફિલ્મની વાર્તા, સંવાદો અને ટેક્નિકલ પાસાઓ પણ એટલા ચવાયેલા છે કે પ્રેક્ષકો પાસે હસવાનું કે રાજી થવાનું કે મજા કરવાનું કોઈ જ કારણ નથી.



લીન્ડા દેઓલની જરાય મૌલિક ન લાગે એવી વાર્તા પર જસવિન્દર સિંગ બથે સ્ક્રિન-પ્લે લખ્યો છે, જેમાં પણ કંઈજ નવીનતા નથી. ધર્મેન્દ્ર(ધરમ) અને તેનો નાનો દીકરો બોબી દેઓલ(ગજોધર) લોકોને ઉલ્લુ બનાવી, છેતરપીંડી કરીને પૈસા ભેગા કરવામાં માહીર છે. આ માટે તેમણે વારાણસીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે જ્યારે મોટો પુત્ર સન્ની દેઓલ(પરમવીર) લંડનમાં બેન્ક માટે લોન વસૂલીનું કામ કરે છે. પ્રમાણિકતા એ એનું મુખ્ય હથિયાર છે. ધર્મેન્દ્ર અને બોબી દેઓલ અન્નુ કપૂર (યોગરાજ ખન્ના) ને છેતરવા લંડનના મેદાને પડે છે અને ધરમ પુત્ર સન્ની દેઓલ પોતાના જ પિતા અને ભાઈને તેમ કરતાં રોકે છે. આવી વાર્તામાં વૈજ્ઞાનિક-કમ-કોમેડીયન વિલન અનુપમ ખેર (જો આર્મસ્ટ્રોમ) વેડફાયા છે. અનુપમ ખેરના પણ બે ગેંગસ્ટર તરીકે જહોની લીવર અને સૂચેતા ખન્ના (બન્ટી અને બબલી) વધુ વેડફાયા છે.

અન્નુ કપૂરની બે ગ્લેમરસ દિકરીઓ નેહા શર્મા (સુમન) અને ક્રિષ્ટીના અખીવા (રીત) પરદાને કલરફૂલ દેખાડવા સિવાય કશું ઉકાળી શકી નથી. ઑસ્ટ્રેલિયન મોડેલ અને અભિનેત્રી ક્રિષ્ટીના અખિવાની આ પહેલી ફિલ્મ છે અને એવી જ રીતે 'આઈન્સ્ટાઈન'ની પણ આ પહેલી ફિલ્મ છે. આઈન્સ્ટાઈન એટલે ઉરાંગ ઉટાન્ગ પ્રજાતિનો એક વાંદરો...! આ વાંદરો-હેપ્પી ધર્મેન્દ્ર અને બોબી દેઓલનો દોસ્ત થઈ જાય છે. ચશ્મા ચઢાવીને અંગ્રેજી નવલકથા વાંચતો આ ઉરાંગ ઉટાન્ગ ધર્મેન્દ્રની પાછળ બાઈક ઉપર અમિતાભ બચ્ચન ની જગ્યાએ બેસીને 'યે દોસ્તી હમ નહી છોડેંગે...' ગીત પણ લલકારે છે. માત્ર ૭ વર્ષથી નાની વયના બાળકોને જ હસવું આવે એવા પ્રસંગો અને પાત્રોવાળી આ ફિલ્મમાં કંઈજ નવું નથી.

ફિલ્મના ટેક્નિકલ પાસાઓ પણ ખૂબજ નબળા છે. સંગીતકારો શરીબ સાબરી અને તોશી સાબરીનું સંગીત જરાય કર્ણપ્રિય નથી. ગીતકાર કુમારના ગીતોમાં પણ કંઈ નાવીન્ય નથી. સુખવિંદર સીંગ, શંકર મહાદેવન, મિકા સીંગ, શ્રેયા ગોસાલ, સોનુ નિગમ, સુનિધી ચૌહાણ અને સંચીતા ભટ્ટાચાર્ય જેવા ગાયક કલાકારો હોવા છતાં ફિલ્મનો ૨૮ મિનિટ લાંબો ગીતો અને સંગીતનો ટ્રેક ખૂબ માથાભારે લાગે છે.

'યમલા પગલા દિવાના-૨' નું સંપૂર્ણ શુટીંગ લંડનમાં લેસ્ટર અને પડોશી દેશ સ્કોટલેન્ડમાં થયું છે. જે પાંચ ટકા શૂટીંગ ભારતમાં થયું છે અને વારાણસી તરીકે જે સ્થળોને દર્શાવાયા છે, તેનું શુટીંગ મધ્ય પ્રદેશમાં મહેશ્વરમાં થયું છે આ ઉપરાંત કેટલાક દ્રશ્યો માંડવગઢ અને ઈન્દોરમાં ફિલ્માવાયા છે. આટલા અદ્ભૂત લોકેશન્સ હોવા છતાં નેહા પાર્તી માત્યાનીની સિનેમેટોગ્રાફીમાં કોઈ જ સુંદરતા ડોકાતી નથી. ચિરાગ જૈનનું એડીટીંગ પણ ફિલ્મના અભિનેતાઓ જેવું જ શુષ્ક છે. ટૂંકમાં ફિલ્મના એકેય પાસાઓમાં કંઈ વિશેષતા નથી.

વર્ષ ૧૯૭૫માં દિગ્દર્શક દુલાલ ગુહાની ફિલ્મ 'પ્રતિજ્ઞા'માં હિ-મેન ધર્મેન્દ્રએ સ્ક્રીન પર હેમા માલીનીને સંબોધીને 'મૈં જટ યમલા...પગલા...દિવાના...હો રબ્બા...ઈતની સી બાત ન જાના...કી...વો...મૈંનું...પ્યાર કરતી હૈ...' ગીત ગાયું હતું. મહમદ રફીએ ગાયેલા અને આનંદ બક્ષીએ લખેલા આ ગીતની પંક્તિઓ આજે ફિલ્મ સ્વરૂપે આપણા માથે મરાતી હશે એવી તે વખતે કોઈએ કલ્પના પણ કરી હશે ખરી ! હજી તો 'યમલા પગલા દિવાના-૩' પણ બનવાની છે, એવી ધમકી બીજા પાર્ટના અંતે પ્રેક્ષકોને મળે છે. 'યમલા પગલા દિવાના' - આ ત્રણ શબ્દો ધર્મેન્દ્રને એટલા ફળ્યા લાગે છે કે તેમણે લંડનમાં કાર્યરત પોતાના પ્રોડકશન હાઉસનું નામ પણ વાય.પી.ડી. ફિલ્મ્સ લીમીટેડ રાખ્યું છે. 'યમલા પગલા દિવાના' ધર્મેન્દ્રને ફળ્યા હશે પરંતુ આપણે માટે તો 'દિવાના' એટલે દેઓલ્સ, 'યમલા' એટલે આ ફિલ્મની વાર્તા - ટેક્નિક અને દિગ્દર્શન તથા 'પગલા' એટલે આપણે - પ્રેક્ષકો... બીજું કોણ?

# સમાજમાં પોલીસની ઈમેજ સુધારવા ગુજરાત સરકારની પોલીસ અને પ્રજા માટે નવી યોજના 'સુરક્ષા સેતુ' ની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાતમાં પ્રજાની સુખ શાંતિ અને સલામતી જળવાય તેવા ઉમદા આશયથી તથા ક્રાઇમ રેટ ઘટાડવા માટે તેમજ પ્રજામાં પોલીસની છાપ સુધારવા માટે ગુજરાત સરકારે નવી સુરક્ષા સેતુ નામની યોજના અમલમાં મુકવા માટે રાજ્ય સરકારે ગુજરાત રાજ્યના ગૃહ વિભાગે ગાઇડલાઇન જાહેર કરેલ છે. જે મુજબ આ યોજના અન્વયે ૩૨ જેટલા કેન્દ્રમાં સામાન્ય નાગરીક - સ્વૈચ્છિક સંગઠનો અને પોલીસને પ્રતિનિધિત્વ આપવામાં આવશે. સુરક્ષા સેતુ યોજના હેઠળ આકાર લેનાર કેન્દ્ર પ્રજા અને પોલીસ વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવશે તેમજ અરજદારોને પોલીસના કામકાજ માટે ગાઇડલાઇન આપશે તેમજ અરજી કરનાર પાસેથી આવા કામકાજ માટે ચાર્જ શકશે જે હાલમાં આ યોજના અન્ડર પાઇપ લાઇન હોય કેવા પ્રકારની અરજીઓ કેટલા ચાર્જ વસુલ કરવો તે અંગે કોઇ જ ચોક્કસ ધારા ધોરણો ઘડવામાં આવ્યાં નથી ટૂંક જ સમયમાં આવો મુસદ્દો પરિપૂર્ણ થઇ પ્રજા વચ્ચે ગૃહ વિભાગમાં આદેશથી મુકવામાં આવશે.

તેમજ સરકારી કચેરીમાં કામના પ્રકાર અરજીનું સ્વરૂપ કામકાજનાં દિવસ તથા ભરવાપાત્ર ફી જે રીતે માર્ગદર્શિકા તરીકે મુકવામાં આવેલ છે તેવી રીતે આવા કેન્દ્રો ઉપર આવા સ્વરૂપના બોર્ડ ફરજિયાત રાખવા પડશે. જે પ્રકારે રોગી કલ્યાણ સમિતિ હોસ્પિટલોમાં કાર્ય કરે છે તેવા પ્રકારે સુરક્ષા સેતુ પોલીસ સ્ટેશનો માટે કામકાજ સંભાળશે તેમજ આવા પ્રકારની ફી વસૂલાત દરમિયાન પાકી પાવતી રસીદ સ્વરૂપે આપવામાં આવશે અને રાજ્યમાં વધતાં જતા ક્રાઇમ રેટ ચોરી, લૂંટ, અપહરણ, બ્લેકમેઇલીંગ, સટ્ટો, જુગાર, દેહવેપાર, ઘરેલું વધતાં જતાં ક્રાઇમ રેટ જેવા બનાવો ઘટનાઓ ગુનાઓ અટકાવવા સુરક્ષા સેતુ કેન્દ્ર દ્વારા કાઉન્સિલિંગ ને લગતી સેવાઓ પર પુરી પાડવામાં આવશે તેમજ ભોગ બનનાર વ્યક્તિને યોગ્ય વળતર ચુકવવામાં આવશે તેની તકેદારી પણ રાખવામાં આવશે.

આ સુરક્ષા સેતુ સોસાયટી મુખ્યત્વે ગુમ થયેલી વ્યક્તિ, ગુમ થયેલ વાહનો ગુમ થયેલી મિલ્કતો, ગુમ થયેલી દસ્તાવેજી પુરાવા ડ્રાઇવિંગ લાયસન્સ પાસપોર્ટ મકાન - મિલ્કતને લગતા દસ્તાવેજો હથિયાર પરવાના રીન્યુઅલ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસંગો રેલી સભાની મંજુરીઓના વાંધા પ્રમાણપત્રો પોલીસ પાસેથી પ્રજાએ મેળવવાની પરવાનગી ને લગતા કામકાજો સંદર્ભે અરજી રજૂઆત યોગ્ય ચાર્જ લઇ કરી આપશે.

ગેરકાયદેસરની પ્રવૃત્તિઓમાંથી ભોગ બનનારને સમાજમાં પુનઃવસનની કામગીરી તથા પુનઃસ્થાપન માટેની કામગીરી ભોગ બનનારને કે વ્યક્તિને સમાજમાં પુનઃ સ્થાપન કરવાની સામાજિક પ્રવૃત્તિઓ તથા રોજગારલક્ષી પ્રવૃત્તિઓ કરી શકશે. અગાઉ આવા પ્રકારની યોજના સરકારી ચોપડે પોલીસ મિત્રના નામે અમલમાં હતી જેને નવા કપડાં પહેરાવી સુધારા - વધારા સાથે યોગ્ય માર્ગદર્શક સૂચના આચારસંહિતા તથા વ્યવહારીક ઉપાયો સુચવી નવા સ્વરૂપે પ્રજા સમક્ષ મુકવામાં આવશે.

આવા પ્રકારની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનોએ મહિલા હેલ્પડેસ્ક, મહિલા સુરક્ષા તાલીમ પોલીસ મિત્ર યોજના તથા શાળાના બાળકોને પોલીસની બીક દૂર કરવાનાં પ્રયત્ન રૂપે પોલીસ સ્ટેશનની મુલાકાત કામકાજની પ્રક્રિયાનું નિર્દશન કરવામાં આવશે. ચેક આઇ પ્રોજેક્ટ હેઠળ ફેરિયા, સેલ્સમેનો અને હાઇવેની હોટલો, ઢાબા ઉપર ડ્રાઇવરો સાથે જનસંપર્ક કરવામાં આવશે.

આ ઉપરાંત પોલીસ સ્ટાફની મહિલાઓ બાળકો માટે સખીમંડળ, બાલમંડળની સ્થાપના કરવા મહિલા સુરક્ષા તથા વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રકારની કાઉન્સિલિંગ કરવાનું આયોજન કરવામાં આવશે. સલામતી માટે સુરક્ષા માટે ખાસ પગલાં ઉપાયો હાથવગા અખત્યાર કરવા તેની પત્રિકા સરળ ભાષામાં પ્રસિદ્ધ કરી જાહેર વિતરણ કરવામાં આવશે. પ્રજાને પોતાના મકાનો દુકાનો તથા ધંધો રોજગારની જગ્યાની વિગતો પોલીસ સ્ટેશનમાં આપવી પડશે. ભાડુઆતની વિગતો તથા સ્ટાફની વિગતો પણ પોલીસ સ્ટેશને પુરી પાડી જાગૃત નાગરિકનો ધર્મ બજાવવાનો રહેશે.

સિનિયર સિટીઝન માટે ન્યુસન્સરૂપ પ્રવૃત્તિઓ બંધ કરવી રાત્રે લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ, પાર્ટી મ્યુઝીકની પરવાનગી તથા દારૂ જુગારની અસામાજિક પ્રવૃત્તિઓ રોકવા ડામવા બંધ કરવા રાજયના આમ નાગરિક સુખ સલામતી પૂર્વક વસવાટ કરે ધંધો રોજગાર મેળવે, સુખાધિકારનો ઉપયોગ તેવ પ્રયત્નો સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા હાથ ધરવામાં આવશે જે 'હોક આઇપ્રોજેક્ટ' અંતર્ગત કામકાજ કરી શકશે.

આ ઉમદા હેતુ માટે રાજયકક્ષાની ૧, પોલીસ કમિશ્નરેટની ૪ તથા તમામ જિલ્લાની ૨૭ મળી કુલ ૩૨ સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવશે. આવી સુરક્ષા સેતુ સોસાયટીની નોંધણી ગુજરાત અધિનિયમ - ૧૯૬૦ તેમજ મુંબઇ (હાલ ગુજરાત) પબ્લીક ટ્રસ્ટ એક્ટ - ૧૯૫૦ ની જોગવાઇ હેઠળ મંડળ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવશે.

ઉપરોક્ત સુરક્ષા સેતુ સોસાયટી અમલમાં આવતા પોલીસ અધિકારીઓની કર્મચારીઓની દાદાગીરી, તોડબાજી અને ભય તેમજ ભ્રષ્ટાચારને લગામ મુકાશે.

સુરક્ષા સેતુ કેન્દ્ર 'સિંગલ વિન્ડો' તરીકે કાર્યરત રહેશે અને પ્રજાની સુખ, શાંતિ અને સલામતી અંગે પોલીસ સાથે મળી આમ પ્રજાના પ્રશ્નો પડતી મુશ્કેલીઓ ઉકેલવા માટે ચાવીરૂપ ભૂમિકા ભજવશે. ગુજરાત આ યોજના શરૂ કરનાર પ્રથમ રાજય છે.

# ઘરમાં તો ટીનના ચાર ડબ્બાને માટીની તાવડી સિવાય કંઇ નથી, છેલ્લા એક વરસથી આ કોટ ડીલે વિંટી ફરૂં છું, માંડ એય ઢંકાય છે આને ઉતારૂં તો પાછો ન પહેરાય... તે ડરે ઉતારતો નથી...

## 'નહોતા પામ્યા ગાંધીની કરૂણા ન પામ્યા લેનીનનું જોમ' - પ્રસંગ કથા

- અનંત. ન. વ્યાસ

પ્રસંગ તો સાવ સામાન્ય લાગે. પણ વારંવાર વિચાર થાય તેવો છે. વિચારતાં આંખ ઉઘડી જાય તેવો છે. આઝાદી પછી વીસ વર્ષ પછી પણ જન - સમાજની વાસ્તવિક સ્થિતિનું સચોટ - દર્શન કરાવે તેવો છે. આજે તો આ ઘટનાને અર્ધો સૈકો વીતી ગયો છે. પણ આવી જ સ્થિતિનું પુનરાવર્તન ન થતું હોય તેમ માની શકાતું નથી.

કચ્છમાં ૧૯૭૦ના ગાળામાં ત્રણ વર્ષ સતત દુષ્કાળ પડ્યો એ સમયે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ રાહત - કાર્યો ચલાવતી ભુજના શ્રી સ્વામીનારાયણ મંદિર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં વિના મૂલ્યે દાણા (ધાન) વહેંચવાની પ્રવૃત્તિ ચાલતી. હરિભક્તો યુવાન સ્વયંસેવકો સ્વખર્ચે ગ્રામ્ય - વિસ્તારોમાં જઇ ધાન હાથોહાથ પહોંચાડતા.

એક વખત અમે ભુજ તાલુકાના 'ઢોરી' ગામે દાણા આપવા ગયા. લોકો ધીમે ધીમે શરમાતા શરમાતા આવે, નીચી નજરે લઇ જાય. આ પ્રામાણિક તથા મહેનતુ પ્રજાને ધર્માદાનું ખાવાનું ન ગમે. પણ કુદરતાના કોપ સામે સૌ લાચાર હતા. એટલે ના છૂટકે લેવા તો આવે. પણ ના ધમાલ ના ધક્કામુક્કી...

એક વખત વહેંચણી કર્યા પછી પાંચેક કિલો ઘઉં વધ્યા. અમે સરપંચે પૂછ્યું... હવે કોઇ બાકી રહે છે? સરપંચે મનમાં ગણતરી કરી. પછી કહે. 'હં એક ઘર બાકી છે. ગરીબ ને આપવા યોગ્ય હોય તો બોલાવો. આ થોડા ઘઉં વધ્યા છે તે આપતાં જઇએ.'

સરપંચે એક છોકરાને દોડાવ્યો. 'જા અલ્યા પેલા મામદને બોલાવી લાવ.'

થોડીવાર થઇ ત્યાં મામદ આવ્યો. પચ્ચાસની વય સાવ સુકું હાડપિંજર જોઇ લ્યો. માથા પર વિટેલા ફાળીયાના લીરા લબડે. શરીર પર એક લાંબો પીળો કોટ... પણ કોટમાં કાણાં વધારે કે કાપડ તે કહેવું મુશ્કેલ.

સરપંચે પૂછ્યું, કેમ ધાન નથી જોઇતું.

ઘડીભર તે જોઇ રહ્યો પછી કહે, "ધાન તો જોઇએ છે" "તો પછી એકાદ વાસણ કે કપડું લઇ આવ. અને આ ઘઉં લઇ જા" અમે કહ્યું.

મામદ પાછો આવ્યો ત્યારે તેની પાસે એક ગોદડું હતું. આને ગોદડું ગણવું કા ગાભો... જમીન પર પાથર્યું તો ચારે તરફ કાણાં. બેવડું - ચોવડું - વાળ્યું પણ પાંચ કિલો ઘઉં ન બંધાય. એ જોઇ મારાથી બોલાઇ ગયું. "અલ્યા ભાઇ, આમાં દાણાં ક્યાં બંધાશે. જરા સારૂં કાપડ તો લાવ..."

અને એ વૃદ્ધ માનવીની આંખ ટપ - ટપ - ટપકી પડી, કહે "ઘરમાં આ એક ગાભો છે. ધાન મળે છે તે ખબર હતી પણ લેવું શેમાં? ઘરમાં તો ટીનના ચાર ડબ્બાને માટીની તાવડી સિવાય કંઇ નથી. છેલ્લા એક વરસથી આ કોટ ડીલે વિંટી ફરૂં છું. માંડ એય ઢંકાય છે. આને ઉતારૂં તો પાછો ન પહેરાય... તે ડરે ઉતારતો નથી..."

અમે સરપંચ સામે જોયું. વાસ્તવિક દર્શને તે પણ ગંભીર થઇ ગયા. અમે કહ્યું, "ઠીક ભાઇ આ કોથળો લઇ જા, સુવા માટે કામ આવશે. ઘઉંના ખાલી બે કોથળા લઇ તે તો ગયો. પણ અમારા હૃદયને વલોવતો ગયો. ૧૯૧૬ માં મહાત્માજીએ જે ગરીબી ચંપારણમાં જોઇ હતી તેવું આ પુનઃદર્શન આઝાદી પછીના વીસ વર્ષે પણ થયું." પરંતુ અફસોસ તો એટલો રહ્યો કે અમારાં ગાંધીની કરૂણા ન હતી. ન અમે અમારા વસ્ત્ર ઉતારી આપી શક્યા કે, ન હતી લેનીનની નિષ્ઠા ને જોમ. જેથી સત્તા સામે ક્રાન્તિનો શંખ ફૂંકી શકીએ.

નિર્માલ્ય સમાજમાં નિર્માલ્ય પ્રતિનિધિ તરીકે સાક્ષાત ગરીબાઇનું દર્શન કરી અમે વીલા મોંએ પાછા વળ્યા.

